ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY

Faculty Change Program

ગુજરાત યુનિવર્સિટી દ્વારા NEP20ના અમલીકરણથી વિદ્યાશાખા પરિવર્તન (Faculty Change Program) અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક પ્રોગ્રામમાં કોઈપણ ફેકલ્ટીમાંથી અન્ય ફેકલ્ટીમાં (કાઉન્સીલ દ્વારા માન્ય પ્રોગ્રામ/ફેકલ્ટી સિવાયનાં) રેગ્યુલર વિદ્યાર્થી તરીકે સ્વેચ્છાએ રસ/રુચી ધરાવતા પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે ટૂંક સમયમાં વિગતવાર સુચના અને પ્રવેશ નિયમ જાહેર કરવામાં આવશે. આર્ટસ ફેકલ્ટી માટે જરૂરી વિગતો નીચે મુકેલ છે.

Students can apply based upon their study of subject either major or minor discipline in their UG programme as well as other subjects of the different discipline. He/she will be admitted based on their ability to demonstrate competence through screening & Competence Test for which one orientation course shall be compulsory.

# FACULTY CHANGE PROGRAM

# (2025-2026)

## <u>OFFICE</u>

**ROOM NO-1, (TIME : 12.00 TO 4.00 PM)**

**SCHOOL OF LANGUAGE, OPP :– CONSUMER STORE, GUJARAT UNIVERSITY,**

**AHMEDABAD – 380009**

# <u>વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ (ફેકલ્ટી ચેન્જ પ્રોગ્રામ)</u>

## વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ અંતર્ગત પ્રવેશ મેળવવા સંબંધી જરૂરી સૂચનાઓ જાણકારી તેમજ નિયમાવલી

1. વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ (ફેકલ્ટી ચેન્જ પ્રોગ્રામ) અંતર્ગત <u>માત્ર ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનોમાં અન્ય ફેકલ્ટી માંથી આર્ટસ ફેકલ્ટીમાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે</u> સ્વેચ્છાએ રસ રુચિ ધરાવતા અને પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે જ છે.

2. ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ધારા ધોરણ અનુસાર બ્રિજ કોર્સની પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે, આ પરીક્ષા જે તે વિદ્યાર્થીઓએ પોતે પસંદ કરેલા વિષયના ગુજરાત યુનિવર્સિટીએ સ્નાતકક્ષાએ (ગ્રેજ્યુએટ લેવલ) નિર્ધારિત કરેલા અભ્યાસક્રમમાંથી 20 ગુણનો વર્ણાત્મક(DISCRIPTIVE ) અને 30 ગુણનો બહુ વિકલ્પીય હેતુલક્ષી (M.C.Q) આધારિત કુલ 50 ગુણની પ્રવેશ પરીક્ષા યોજાશે જેના આધારે નિર્ધારિત લઘુત્તમ ગુણ મેળવનાર અને અન્ય નિયત ધારા ધોરણ અનુસાર પ્રવેશપાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ પૈકી મેરીટ અગ્રતાક્રમથી ઉપલબ્ધ અને ખાલી સીટો પર પ્રવેશ ફાળવણી કરવામાં આવશે.

3. વિદ્યાર્થીએ આ બ્રિજ કોર્સની પ્રવેશ પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ (૨૫ માર્ક)પ્રાપ્ત કરવાના રહે છે. સફળ થનાર વિદ્યાર્થીઓને જે તે વિભાગમાં ઉપલબ્ધ ખાલી બેઠકોના આધારે મેરીટ ક્રમાંક મુજબ પ્રવેશ ફાળવવામાં આવશે. પ્રવેશ પરીક્ષામાં નિર્ધારિત ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ ના મેળવી શકનાર વિદ્યાર્થીઓ માટે કે પછી અન્ય કોઈ વિદ્યાર્થીઓ માટે પુનઃ પરીક્ષા યોજાશે નહીં.

4. જે વિદ્યાર્થીઓએ ફેકલ્ટી ચેન્જ પ્રોગ્રામ અંતર્ગત પ્રવેશ પરીક્ષા પસાર કરી હશે તેઓને પરિણામ ઘોષિત થયા પછી જે તે વિદ્યાર્થીઓને વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ અંતર્ગત પરીક્ષા ઉત્તીર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવશે આ વિદ્યાર્થીઓએ આ પ્રમાણપત્ર મેળવી તુરંત ગુજરાત યુનિવર્સિટીના સંબંધિત વિભાગનો સંપર્ક કરી નિયત સમય મર્યાદામાં ગુજરાત યુનિવર્સિટીના નિયત ધારા ધોરણ અનુસાર પ્રવેશ અંગેની સઘળી કાર્યવાહી પરિપૂર્ણ કરવાની રહેશે.

5. ગુજરાત યુનિવર્સિટીમાં ચાલુ શૈક્ષણિક વર્ષ 2025-26 માટે વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ અંતર્ગત પ્રવેશ મેળવવા જે વિદ્યાર્થીઓ નિયત અરજીપત્રકમાં નિયત સમય મર્યાદામાં અરજી કરેલ છે માત્ર એ જ વિદ્યાર્થીઓને બ્રિજ કોર્સની પરીક્ષામાં બેસવા દેવામાં આવશે. જે તે ઉમેદવારે પરીક્ષાના નિયત દિવસે અને સમયે તેઓના અરજીપત્રક મુજબના નામ ફોટા સહિતનું સરકારી ઓળખપત્ર (ID) સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

6. ગુજરાત યુનિવર્સિટીમાં ચાલુ શૈક્ષણિક વર્ષ 2025 -26 માટે વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ અંતર્ગત પ્રવેશ મેળવવા ઇચ્છુક જે તે વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષા ફી પેટે ₹ 50/- રજીસ્ટ્રેશન ફી તેમજ ₹.350/- પરીક્ષા ફી કુલ ₹.400/- (NON REFUNDABLE) રોકડેથી કોર્ડીનેટર ફેકલ્ટી ચેન્જ પ્રોગ્રામ, ભાષા સાહિત્ય ભવન, કાર્યાલય રૂમ નંબર-૧, ગુજરાત યુનિવર્સિટી ખાતે રૂબરૂમાં સમય (12.00 TO 4.00 PM) સુધીમાં કામકાજના દિવસો દરમિયાન જમા કરાવવાના રહેશે.

7. ઉપરયુક્ત બ્રિજ કોર્સ અંતર્ગત પ્રવેશ પરીક્ષા ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થી ગુજરાત યુનિવર્સિટીના જે તે અનુસ્નાતક વિદ્યાભવનમાં જે તે વિષયમાં ઉપલબ્ધ અને ખાલી સીટ ઉપર મેરીટ ક્રમાંક રેગ્યુલર વિદ્યાર્થી તરીકે જ પ્રવેશ મેળવવા માટે માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ 2025-26 માટે લાયક ગણાશે.

8. વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ અંતર્ગત પ્રવેશ પરીક્ષાથી લઈ પ્રવેશ સંબંધિત તમામ નિયમો ધારા ધોરણો કે અન્ય બાબતો પરત્વે ગુજરાત યુનિવર્સિટીના કુલ સચિવશ્રીનો નિર્ણય અંતિમ અને તમામ વિદ્યાર્થીઓને બંધન કરતા રહેશે.

9. ઉપરોક્ત પરિક્ષા અંગેનું (ફોર્મ ભરવાની તારીખ અને પરીક્ષાની તારીખ ) વિગતવાર સમય પત્રક અને ફોર્મ નીચે આપેલ છે. આ માટે કોઈ ને પણ વ્યકતીગત જાણ કરવામાં આવશે નહી.

તા : 02/0૬/૨૦૨૫

D.K. Bhatt
સંયોજક

ફેકલ્ટી ચેન્જ પ્રોગ્રામ

# પરીક્ષા ફોર્મ

| Passport Photo<br><br>સ્ટેપલર મારવું નહીં<br><br>ગૂંદર થી લગાવવો |
|---|

વિદ્યાર્થિનુ નામ :- ____________________

સરનામુ :- ____________________

મોબાઈલ નં :- ____________________

તારીખ :- ____________________

સંયોજકશ્રી,
ફેકલ્ટી ચેન્જ પ્રોગ્રામ,
ભાષા – સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ – ૦૯

બાબત : અન્ય વિધાશાખામાંથી આર્ટ્સ વિધાશાખામાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ (2025-2026) આપવા અંગે...

સાહેબશ્રી,

ઉપર જણાવેલ વિષયના અનુસંધાને હું શ્રી/શ્રીમતી/કુ ____________________ ગુજરાત યુનિવર્સિટીની આર્ટ્સ વિધાશાખામાં અનુસ્નાતક (M.A) કક્ષાએ ____________________ વિષયમાં નિયમિત (રેગ્યુલર) વિધાર્થી તરીકે સ્વેચ્છાએ પ્રવેશ મેળવવા ઇચ્છુક છું. આ પ્રવેશ માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરાયેલ સ્ક્રીનીંગ ટેસ્ટ આપવા માટે હું તૈયાર છું. ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિયમાનુસાર __________ વિષયના સબંધિત વિભાગમાં ઉપલબ્ધ ખાલી સીટ ઉપર મેરીટ અનુસાર પ્રવેશ ફાળવાશે તો તે અમોને મંજુર છે. આ માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રવેશ,પ્રવેશ પરીક્ષા, પ્રવેશપાત્રતા ઈત્યાદી સહિતના નિયત કરાયેલ તમામ નિયમો મે જાણ્યા સમજ્યા છે અને તે મને બંધનકર્તા છે. આ અગાઉ મે પસાર કરેલ અભ્યાસક્રમની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | અભ્યાસ ની વિગત | પાસ કરેલ વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ/ટકા | શાળા / કોલેજ નુ નામ | યુનિવર્સિટી નુ નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ધો-૧૦ | | | | | |
| ૨ | ધો-૧૨ | | | | | |
| 3 | ગ્રેજ્યુએશન | | | | | |

આ સાથે મારી શૈક્ષણિક લયકાતનાં તમામ પ્રમાણપત્રો .ઇત્યાદિ સામેલ છે/આધારકાર્ડ/માર્કશીટ/

**નોધ:- પરીક્ષાના પ્રશ્નપત્રોનું (ભાષાના વિષય સિવાય) માધ્યમ (Medium) માત્ર ગુજરાતી રહેશે.**

આપની/નો વિશ્વાસુ

વિધાર્થી/વિધાર્થીની સહી

# ફેકલ્ટી ચેન્જ પ્રોગ્રામ 2025-26
# ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

1. **એપ્લિકેશન ફોર્મ** ની પ્રિન્ટ કાઢી નીચે જણાવેલા સમય દરમ્યાન **રૂમ નં-૧,કાર્યાલય ,ભાષા સાહિત્ય ભવન** ખાતે રૂબરૂ જમા કરાવવાનું રહેશે.
2. ફોર્મ જમા કરાવવાની તારીખ :- 09.06.2025 થી 17.06.2025
3. સમય :- 12.00 P.M થી 4.00 P.M (લંચ બ્રેક 2.00 થી 3.00)
4. રજીસ્ટ્રેશન ફી:- ₹ 50/- તેમજ પરીક્ષા ફી ₹.350/- (કુલ ₹.400/-) (NON REFUNDABLE)
5. ઉપરોક્ત ફી માત્ર રોકડે થી સ્વીકારવામાં આવશે.
6. ઉપર્યુક્ત ફોર્મની સાથે નિમ્નલિખિત **ડોક્યુમેન્ટ (SELF ATESTED)** જોડવાના રહેશે. ડોક્યુમેન્ટના અભાવે આવેદનપત્ર સ્વીકારવામાં આવશે નહીં કે આગળની કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં.

- પાસપોર્ટ સાઇઝ નો ફોટો
- ધોરણ 10 ની માર્કશીટ
- ધોરણ 12 ની માર્કશીટ
- સ્નાતક કક્ષાની માર્કશીટ
- સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ
- જાતિ પ્રમાણપત્ર લાગુ પડતું હોય તો
- OBC કેટેગરી ના વિધાર્થીઓ એ નોન ક્રિમિલિયર સર્ટિ 01.04.2023 પછી નું આપવાનું રહેશે.
- આધાર કાર્ડ ની નકલ

ઉપરોક્ત તમામ ડોક્યુમેન્ટની સ્વપ્રમાણિત નકલ આપવાની રહેશે.

7. પ્રશ્નપત્ર 50 ગુણનું છે પરીક્ષાનો સમય ગાળો દોઢ કલાકનો છે પ્રશ્નપત્રના બે વિભાગ છે વિભાગ એકમાં 30 ગુણના હેતુલક્ષી (MCQ) પ્રશ્નો છે જ્યારે વિભાગ બેમાં 20 ગુણના બે વર્ણાત્મક (DESCRIPTIVE) રહશે.

**નોધ:- પરીક્ષાના પ્રશ્નપત્રોનું (ભાષાના વિષય સિવાય) માધ્યમ (Medium) માત્ર ગુજરાતી રહેશે.**

# FACULTY CHANGE PROGRAM
# (2025-2026)

| Date | Steps | Process |
|---|---|---|
| | | |
| 09.06.2025 TO ~~17~~ 20.06.2025 | STEPS - 1 | ભાષા સાહિત્ય ભવન ખાતે ઓફ લાઇન ફોર્મ અને ફી જમા કરાવવી |
| | | |
| 25.06.2025 | STEPS - 2 | પરીક્ષા (બપોરે ૧૨.00 થી ૧.30) |
| | | |
| 30.06.2025 | STEPS - 3 | સંભવિત રિઝલ્ટ (સાંજે ૪.00 વાગ્યા પછી) |

**નોધ :- ઉપરોક્ત સમય પત્રક અનિવાર્ય સંજોગોમાં ફેર-ફાર ને આધીન છે. જેની સર્વે નોધ લેવી.**

**/O**

D.K. Bhatt

**Co.Ordinator**

**Faculty Change Program**